सत्यमेव जयते

ફોજદારી કેસ દાખલ તારીખ : ૦૫–૧૨–૨૦૨૫
ફોજદારી કેસ રજી. તારીખ : ૦૫–૧૨–૨૦૨૫
ફોજદારી કેસ ફેસલ તારીખ : ૨૭–૦૩–૨૦૨૬
સમયગાળો:વર્ષ–માસ–દિવસ
૦૦ – ૦૩ – ૨૨

**વડીયાના મહે.જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વડીયા–જિ.અમરેલી**

ફોજદારી કેસ નંબર–૩૬૯/૨૦૨૫
આંક–૨૪

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** ગોવિંદભાઈ જીવાભાઈ વાઘેલા,
ઉ.વ.૨૯, ધંધો–મજુરી,
રહે.મોટી કુંકાવાવ, મફતીયા પ્લોટ વિસ્તાર,
તા. વડીયા, જી. અમરેલી.

ફરીયાદી પક્ષે :– એ.પી.પી.શ્રી
આરોપી પક્ષે :– વિ વ.શ્રી એન.બી.રાઠોડ

**ગુન્હો:– ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫ (એ) (એ) મુજબ**

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષની ટુંકી હકિકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૧૫ વાગ્યે મોટી કુંકાવાવ ગામે પોતાના કબ્જામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર–૦૨(બે) કીંમત રૂ. ૪૦૦/– નો પ્રોહી મુદામાલ પોતાના કબજામાં રાખી મળી આવી ગુન્હો કરેલ હોય, તેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ) અંતર્ગત ફરીયાદ નોંધાતા, આ કામના ત.ક.અ. ધ્વારા તપાસ હાથે ધરી, આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા, તેઓએ અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ સદર ગુનાની ચાર્જસીટ રજુ કરવામાં આવેલ, જેથી આ કેસ ઉપસ્થિત થયેલ.

(૨) ચાર્જસીટ રજુ થતા અત્રેની અદાલત ધ્વારા આરોપીને સમંન્સ કાઢવામાં આવેલ, જેથી આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ, તેઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ વિના મૂલ્યે ચાર્જશીટની નકલ પુરી પાડવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાનું તહોમતનામું આંક-૭ થી ફરમાવી, આરોપીની પ્લી આંક-૮ થી નોંધતા તેઓએ પોતાની સામેનો ગુનો કબુલ નહિ હોવાનું જણાવેલ. જેથી સદર કેસની ન્યાયીક કાર્યવાહી હાથે ધરવામાં આવી.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજુ કરાયેલ લેખીત અને મૌખિક પુરાવાને ધ્યાને લેતા, આરોપીનું બી.એન.એસ.એસ.કલમ ૩૫૧ મુજબનું આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢેલ અને પોતે નિર્દોષ હોવાનો અને પોતાના બચાવમાં કોઈ સાક્ષી કે પુરાવો રજુ નહિ કરવાનુ જણાવેલ છે.

(૪) સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૩/૧૫ વાગ્યે મોટી કુંકાવાવ ગામે પોતાના કબજામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારૂ લીટર-૦૨(બે) કીંમત રૂ. ૪૦૦/- નો પ્રોહી મુદામાલ પોતાના કબ્જામાં રાખી મળી આવી ગુન્હો કરેલ હોય, તેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ) મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૫) ઉપરોકત મુદા અંગે મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-::કારણો::-**

(૬.૧) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામા આવે તો આ કામે પંચ કરમણભાઈ દાદભાઈ કુવાડીયાઓની જુબાની આંક-૦૯ થી લેવામા આવેલ. તેમની સરતપાસમાં પંચ સાહેદ ટુંકમાં જણાવે છે કે, ''આજ થી ત્રણ મહિના પહેલા પોલીસ સ્ટેશનની બાજુમાં દુધ લેવા જતો હતો ત્યારે ભાવેશ દાદાએ સહી કરવાનુ કહેતા મે લખેલ કાગળમાં સહી કરેલી. પોલીસ સાથે હું કોઈ જગ્યાએ રેઈડમાં ગયેલ નહી તેમજ પોલીસે મારી હાજરીમાં કોઈ દેશી દારૂની કોથળીઓ કબ્જે કરેલ હોય તેવુ પણ બનેલ નહી. પોલીસે મને સહી કરવાનુ કહેતા મે માત્ર સહી કરેલી.

મને ગુન્હાવાળા જગ્યાની પંચનામાની નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ જેને દા. રજુ આંક–૧૦ આપવામાં આવે છે. ''

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે એક તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા માત્ર સહી કરેલી એ સિવાય બનાવ બાબતે હું કઈ જાણતો નથી.

**(૬.૨)** ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામા આવે તો આ કામે પંચ રસીકભાઈ વલ્લભભાઈ ભુવાઓની જુબાની આંક–૧૧ થી લેવામા આવેલ. તેમની સરતપાસમાં પંચ સાહેદ ટુંકમાં જણાવે છે કે, '' આજ થી ત્રણ મહિના પહેલા પોલીસ સ્ટેશનની બાજુમાં બસ સ્ટેન્ડ પાસે મજુરી કામ કરતા હતા ત્યારે પોલીસે મારી તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનુ કહેતા મે તેમાં સહી કરેલી. પોલીસ સાથે હું કોઈ જગ્યાએ રેઈડમાં ગયેલ નહી તેમજ પોલીસે મારી હાજરીમાં કોઈ દેશી દારૂની કોથળીઓ કબ્જે કરેલ હોય તેવુ પણ બનેલ નહી. પોલીસે મને સહી કરવાનુ કહેતા મે માત્ર સહી કરેલી. મને આંક–૧૦નું ગુન્હાવાળા જગ્યાની પંચનામાની નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.ર તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું.''

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મે એક તૈયાર લખેલ કાગળમાં સહી કરવાનું કહેતા માત્ર સહી કરેલી એ સિવાય બનાવ બાબતે હું કઈ જાણતો નથી.

**ઉપરોકત ૬.૧ તથા ૬.૨ ના પેરામાં તપાસવામાં આવેલ** સાહેદની જુબાની જોવામાં આવે તો, તેઓ આરોપી પાસેથી પ્રતિબંધીત દેશી દારૂ કબ્જે કર્યાના પંચો છે પરંતુ પંચ સાહેદો તેમની જુબાનીમાં આરોપી પાસેથી પોલીસે દેશી દારૂ કબ્જે કર્યો હોય તેવા કોઈ હકીકતને સમર્થન કરતા નથી.

**(૬.૩)** ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામા આવે તો આ કામે ફરીયાદી દાદભાઈ તખુભાઈ કલસારીયાઓની જુબાની આંક–૧૫ થી લેવામા આવેલ. તેમની સરતપાસમાં ફરીયાદી ટુંકમાં જણાવે છે કે,''ગઈ તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ અમો તથા અના. એ.એસ.આઈ. બી. પી. ધાંધલા એ રીતેના પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મોટી કુંકાવાવ ઘનશ્યામ નગર વિસ્તારમાં આયુષમાન કેન્દ્ર પાસે પહોંચતા ખાનગી રાહે બાતમી મળેલ કે, ગોવિંદભાઈ જીવાભાઈ વાઘેલા પોતાના રહેણાંક મકાને ગે.કા. દેશી દારૂ રાખી વેચાણ કરે છે. તેવી હકિકત મળતા સદરહુ મકાને પંચો સાથે રેઈડ કરતા મજકુર ઈસમ ગોવિંદભાઈ જીવાભાઈ વાઘેલા, ઉ.વ. ૨૯, ધંધો : મજુરી, રહે. મોટી કુંકાવાવ વાળા હાજર હોય જેને સાથે રાખી રહેણાંક મકાને તપાસ કરતા રહેણાંક મકાનના દરવાજા પાછળ એક ખુણામાં કાળા કલરના જબલામાં સફેદ પ્રવાહી ભરેલ કોથળીઓ કુલ નંગ–૮ મળી આવેલ હોય જે કોથળી એક સરખી અને એક સાઈઝની હોય

જેથી સદરહુ કોથળીઓ પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાત્રી કરતા દેશી પીવાનો દારૂ હોય. જેથી સદરહુ કોથળીમાંથી ૧૮૦ મીલી દેશી દારૂ એક બોટલમાં ભરી કિ.રૂા.૦૦/– ગણી એફ.એસ.એલ. તપાસણી અર્થે કબ્જે કરેલ. બાકીનો દારૂ આશરે ૨ લીટર જેટલો હોય જે એક લીટરની કિ.રૂા.૨૦૦/– ગણી કુલ દેશી દારૂ ૨ ની કિ.રૂા.૪૦૦/– ગણી પંચો રૂબરૂ કેનમાં ભરી તપાસ અર્થે કબ્જે કરેલ. તે અંગેનુ પંચનામુ ક.૧૨:૪૫ થી ૧૩:૧૫ સુધીનુ એ.એસ.આઈ. બી.પી.ધાંધલાનાઓની રૂબરૂનુ કરેલ. મજકુર ઈસમની ધોરણસર અટક કરેલ. જે અંગે આરોપી વિરૂધ્ધ મે ફરીયાદ આપેલ. અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખુ છું. જેને દા. રજુ આંક–૧૬ આપવામાં આવે છે.

ત્યાર બાદ મજકુર ઈસમોનો એરેસ્ટ મેમો તથા ચહેરાનીશાન પત્ર ભરવાની તજવીજ કરેલ. ત્યાર બાદ પી.એસ.ઓ. વડીયા પો.સ્ટે.નાઓએ તપાસ અમોને ડેપ્યુટ હુકમ થી સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ. જે ડેપ્યુટ હુકમ રજુ કરૂ છું જેને રજુ દા. આંક– ૧૭ આપવામાં આવે છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ. એફ.એસ.એલ. તપાસ માટે મુદામાલ મોકલવા તથા તપાસ કરવા માટે નાયબ પોલીસ અધિક્ષકશ્રીનુ સત્તા અંગેનુ પ્રમાણપત્ર મેળવેલ જે સત્તા અંગેનુ પ્રમાણપત્ર મેળવવા પત્ર કરેલ જે પત્ર આ કામે રજુ છે જેને રજુ દા. આંક– ૧૮ આપવામાં આવે છે. ત્યાર બાદ ફોરેન્સીક લેબોરેટરીને મુદમાલ પૃથ્થકરણ માટે મોકલેલ જે પત્ર રજુ કરુ છુ જેને રજુ દા. આંક– ૧૯ આપવમાં આવે છે. આ પત્રની સાથે રવાનગી પત્રક તપાસ સત્તા અંગેનુ પ્રમાણપત્ર મોકલેલ જે રજુ કરૂ છું જેને રજુ દા. આંક– ૨૦ તથા આંક–૨૧ આપવામાં આવે છે. બાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટ માં ચાર્જશીટ કરેલ. આરોપીને ઓળખુ છુ. આજરોજ નામ. કોર્ટમાં હાજર છે. તે તે જ છે.

ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામના ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારી હું પોતે જ છું., મારી ફરીયાદમાં અમો પેટ્રોલીંગમાં ગયેલ તે વાહનનું કોઈ વર્ણન જણાવેલ નથી, બાતમીની અમોએ ડમી ગ્રાહક દ્રારા ખરાઈ કરેલ નહી, કહેવાતો બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે, રહેણાંક વિસ્તારની આજુબાજુના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, કહેવાતો બનાવ વાળી જગ્યા રહેણાંક વિસ્તાર હોય તેનુ કોઈ રેવન્યુ રેકર્ડ આ કામે કબ્જે કરેલ નથી કે આ કામે રજુ કરેલ નથી, મારી ફરીયાદમાં કોઈ પંચોના નામનો ઉલ્લેખ નથી, આ કામના અન્ય સાહેદ ભાવેશભાઈ પ્રાગજીભાઈ ધાંધલા અમારા સહ કર્મચારી છે, એફ.આઈ.આર. મારી સહી નથી, ચાર્જશીટ સાથે એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી.

**સાહેદની જુબાની જોવામાં આવે તો,** તેઓએ સમગ્ર ગુનાની તપાસ કરેલ છે અને ચાર્જશીટ કરેલ છે. તેઓ જે દેશી દારૂ કબ્જે કર્યાનુ જણાવે છે. તે ખરેખર દેશી દારૂ જ છે કે તેમ તે બાબતે એફ.એસ.એલ. નો કોઈ રીર્પોટ ચાર્જશીટ કે મૌખિક પુરાવા દરમ્યાન રજુ

કરેલ નથી. તેમજ દારૂ કબ્જે કર્યાના પંચો તેઓની હાજરીમાં દેશી દારૂ કબ્જે કરેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન કરતા નથી. આમ ગુનાના કામે દેશી દારૂ આરોપી પાસેથી કબ્જે કરવામાં આવેલ તે બાબત શંકાસ્પદ બની જાય છે. તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યા લોકોની અવરજવર વાળી હોય તેમ છતાં સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો મેળવેલ નથી.

(૭) સદર કામે ફરીયાદી તથા ત.ક.અમલદારનાઓ પોલીસના કર્મચારીઓ છે. વળી **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પટેલ (૧૯૭૯ કિ.લો.જ. મહા. ૪૨૧)** માં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચ સાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. જેથી ફકત તેઓના નિવેદનોને ધ્યાને લઈ સદર કામના આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતું નથી.

(૮) વધુમાં સદર કામે પોલીસ દવારા પ્રતિબંધિત દારૂ જાહેર જગ્યાએથી કબજે કરવામાં આવેલ. વળી, તે પ્રતિબંધિત દારૂનો જથ્થો ચોકકસપણે આરોપીની માલીકીનો જ હોય તે બાબતનો તેઓની કબુલાત સીવાયનો અન્ય કોઈ સીધો પુરાવો જણાય આવેલ નથી.વધુમાં **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨** જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. પેજ નંબર .૨૨૭૬૯ માં પ્રસ્થાપિત સિધ્ધાતં મુજબ'' જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થ આપતા ન હોય તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શં કાનો લાભ આપી શકાય. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલ(૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧) માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહી. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમથર્ન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી.

(૯) આમ, સદર કામે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ, પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે આરોપીની ધરપકડ તેમજ પકડેલ પ્રવાહી મુદામાલમાથી સેમ્પલ પંચોની હાજરીમાં થયેલ હોવાનું જણાંવવામાં આવ્યુ છે. પરંતુ સદર કામનાં પંચોએ સદર હકિકતના સંદર્ભમાં કોઈ સમર્થન કારી મૌખિક પુરાવો આપેલ નથી તેમજ આરોપી પાસે થી પ્રતિબંધીત દેશી દારૂ કબ્જે કર્યાની હકિકતને સમર્થન આપેલ નથી. જેથી સદર કામે પોલીસે પકડાયેલ પ્રવાહીમાથી સેમ્પલ કલેકટ કરેલ હોય તે વિશે શંકા ઉપસ્થિત થાય છે. આ કામે એફ.એસ.એલ.નો કોઈ રીપોર્ટ તપાસ કરનાર અમલદારે ચાર્જસીટ સાથે કે પુરાવા સમયે રજુ

કરેલ ન હોય જેથી આ પ્રવાહી દેશી દારૂ જ હતો તે પુરવાર થતુ નથી. સદર કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર એક જ પોલીસ કર્મચારી છે. જેથી ફકત તેનું નિવેદન ધ્યાને લઈ સદર કામનાં આરોપીને સદર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવાનું અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી. આમ, ફરીયાદ પક્ષ હાલનાં આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય. જેથી મુદદા નંબર ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ પ્રવાહીના નમુનાનો સરકારશ્રીના નિયમ મુજબ નિયત કરેલ સમિતિ રૂબરૂ અપીલ પીરીયડનો સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) આરોપીના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીના ટ્રાયલ દરમિયાન રેકર્ડ પરના જામીનને અપીલ પીરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે. વિકલ્પે બી. એન. એસ. એસ. ની કલમ ૨૮૧ અન્વયે રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ કરવા.

હુકમ આજ રોજ તારીખ ૨૭ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:–૨૭/૦૩/૨૦૨૬ (ઓ.બી.ગોહિલ)

વડીયા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડીયા.

(જજ કોડ–જીજે ૦૧૭૧૭)